# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ડારે કોઇને ઠારે કરે એજ, મનમાં ધારે છે,
મારે ગૂલાંટો પદ માટે સત્તા ભૂખ ભારે છે,
હારે છે 'સર્વે'માં માને મન, નાક ગુમાવીને -
ઓળવી હક સેવકોના 'મગરી' આંસુ સારે છે
(કિરણ બેદી રડયાં)

## હાઇકુ

ગંદા આંગણે,
વિશ્વમાં પ્રભાવના -
ફૂંકે બણગા..

પડયો ફાળકો,
છપ્પનની છાતીમાં -
ભરાયો ડૂમો..

## ચિંતન

**યદેપોપનતં દુખાત્સુખં તદ્સવત્તરમ્ । નિર્વાણાય તુચ્છાયા તપ્તસ્ય હિ વિશેષતઃ ॥**

'માણસ દુઃખ-આપત્તિઓ-તકલીફો વેઠે પછી જ જે સુખ સુવિધાઓ પ્રાપ્ત થાય તેની કદર થાય અને તે શોભે છે - ગાઢ અંધકારમાં જ એક નાના દીવાની જયોત-પ્રકાશ પણ સુંદર લાગે છે.'

રાજવી પ્રધાનશ્રીઓ-અધિકારીઓ-ધનિકોના સંતાનો મોઢામાં જ ચાંદીનો ચમચો લઇને જન્મ્યા છે એમને જીવનના ટાઢ-તડકા વેઠ્યા નથી. ભૂખનું દુઃખ અને ઘર-છાપરાં વિનાનો-આશ્રય-અનુભવ્યો નથી. એમને 'દુખ' કોને કહેવાય એ ખબર જ નથી એમને સુખ-સુવિધાની કલ્પના જ નથી-આવાં બાળકો માતા-પિતા પાસે ગમે તેવી મોંઘીદાટ વસ્તુની સહજ ભાવે માગણી કરે છે આવા પરિવારના બાળકોને પૈસા-પગાર કેટલા પરિશ્રમથી આવે છે એની ખબર જ નથી હોતી. બાઇક-લેપટોપ-કોમ્પ્યુટર-મોબાઇલની માગણી કરે.

પપ્પા કહે કે એની (મોબાઇલની) કિંમત કેટલી છે તને ખબર છે? ત્યારે તદ્દન સહજભાવે બોલે વીસ-પચ્ચીસ હજાર હશે! આ વીસ-પચ્ચીસ હજાર કેમ થાય એનો એને અંદાજ જ હોતા નથી. સુખમાં રહેનારને દુખ શું એની કલ્પના જ નથી હોતી. સુખનો આનંદ સમજી-માણી નથી શકતા. જો દુખ વેઠ્યા પછી સુખ આવે તો જ સુખને સાચી રીતે માણી શકાય.

ઇલેકટ્રીક લાઇટ જાય ત્યારે મીણબત્તી-દીવા કેવા યાદ આવે છે એ જ એની કિંમત છે.

## સુવિચાર

- ધનવાન લોકોને પૂછીએ તો મોટાભાગે એવો જ જવાબ મળે છે કે અમે કયારેય કલ્પના પણ નહોતી કરી કે આટલું બધુ મળશે આમ છતાં તેઓ એવું નથી કહી શકતા કે અમે સુખી છીએ - ડો. ચંદ્રકાન્ત મહેતા
- લોકો ગજબ છે, ગઇકાલે મળેલું સુખ વિસરી જાય છે અને પાંચ વરસ પહેલાંનું દુઃખ ભૂલી શકતા નથી - એસ. ભટ્ટાચાર્ય
- રો રો કે મૌત માંગને વાલો કો જીના નહીં આ સકા તો મરના કયા ખાક આયેગા?? - ફિરાક ગોરખપૂરી
- અનેક લોકો મૌન રહે છે, એનું કારણ એ નથી કે એમને કંઇ કહેવાનું નથી, પરંતુ એનું કારણ એ છે કે ઘણું બધું એમને કહેવાનું હોય છે છતાં મૌન છે - શાહબુદ્દિન રાઠોડ
- જે વ્યક્તિ પોતાની જાત માટે નિયમો ઊભા કરે છે તેને બીજા કોઇ કાયદાની જરૂર રહેતી નથી - જ્ઞાનસૂત્ર
- આવે છે યાદ એની બસ એટલું હું જાણું છું, પૂછો નહીં કે કયારે, શું કામ યાદ આવે, ભૂલી જવાય માણસ આખે આખો, પરંતુ માણસની બાદ માણસનું કામ યાદ આવે - નિનાદ આચાર્ય
- તમારે પ્રેમ કરવો છે? તો પ્રેમ માટે યાચક નહીં લાયક બનો - ઓશો

- (સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

આજકાલ જે કોઇ પક્ષ સત્તા પર હોય તે કાં તો મિડિયા (ટીવી-વર્તમાનપત્રો)ને યેન-કેન પ્રકારે ખરીદી લે છે અને મીડિયા પણ સિદ્ધાંતો-ધ્યેય-સત્યને ભૂલી જાતે વેંચાઇ જાય છે. આ લોકશાહી માટે ખૂબ જ 'ખતરનાક' બાબત છે અથવા સરમુત્યાર વિચારધારાવાળા નેતા સેન્સરશીપના નામે ગુપ્ત પ્રતિબંધ મૂકે.

જાપાનના એક રાજયના ગવર્નર બૌધમઠમાં પોતાના ગુરુદેવના દર્શન-આશીર્વાદ લેવા પધાર્યા. જાતે જુલ્મી અને અન્યાયી હતા. તેથી ગવર્નરે પ્રેસમીડિયા પર સેન્સરશીપ લાદી દીધી હતી.

ગુરુજીના કાન સુધી આ ગર્વનરની તમામ વાતો-બાબતો-પગલાં છૂટક-ત્રૂટક આવતાં હતા. ઔપચારિક વાતો પછી ગુરુજીએ - ગવર્નરને પૂછ્યું, તમે લોકો-પ્રજાના પ્રત્યાઘાત જેવા પ્રેસના આત્માને ગૂંગળાવી તેના પર પ્રતિબંધ લાદી દીધો છે? આમ કરવાથી તમારી સરકાર શું પામશે?

ગવર્નર કહે - આજકાલ મિડિયાવાળા સરકાર વિરુદ્ધ ખોટી-સાચી વાતો બેફામ બની લખતા હતા. જે સરકાર અને શાસન-વહીવટ માટે ખતરનાક હતું...

ગુરુજી કહે - જયારે સત્યનું ગળું દબાવી દેવામાં આવે ત્યારે લોકશાહી માટે ખૂબ જ ખતરનાક બની જાય છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# ભારતમાં સૌથી વધુ હળદરનું ઉત્પાદન કયા રાજયમાં થાય છે?

## ખજાનો

- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com



(૧) ફલોરસ્પારની સૌથી મોટી ખાણ કયાં આવેલી છે?
(અ) આંબાડુંગર (ગુજરાત) (બ) પન્ના (મ.પ્ર)
(ક) રાણીગંજ (બિહાર) (ડ) ઉદયપુર (રાજસ્થાન)

(૨) કયાં રાજયોને માત્ર એક જ રાજયની સરહદ સ્પર્શે છે?
(અ) આસામ અને અરૂણાચલ (બ) પં.બંગાળ અને આસામ
(ક) સિક્કિમ અને મેઘાલય (ડ) બિહાર અને આસામ

(૩) પારાદીપ બંદર કયા રાજયમાં આવેલું છે?
(અ) તમિલનાડુ (બ) કેરાલા
(ક) કર્ણાટક (ડ) ઓરિસ્સા

(૪) કયું શહેર વણાટનગરી તરીકે ઓળખાય છે?
(અ) પાણીપત (બ) આગ્રા
(ક) સોલાપુર (ડ) વારાણસી

(૫) કયું શહેર દક્ષિણનું માન્ચેસ્ટર તરીકે ઓળખાય છે?
(અ) વિશાખાપટ્ટનમ (બ) ચેન્નઇ
(ક) કોઇમ્બતૂર (ડ) બેંગ્લોર

(૬) ભારત કયા દેશ સાથે સૌથી લાંબી ભૂમિ સરહદ ધરાવે છે?
(અ) ચીન (બ) પાકિસ્તાન
(ક) નેપાળ (ડ) બાંગ્લાદેશ

(૭) ભારતમાં સૌથી વધુ મેન્ગ્રોવ વનવિસ્તાર કયા રાજયમાં છે?
(અ) પશ્ચિમ બંગાળ (બ) કચ્છ-ગુજરાત
(ક) કેરાલા (ડ) મહારાષ્ટ્ર

(૮) ભારતના કેટલા રાજયોની સરહદ ચીન સાથે જોડાયેલી છે?
(અ) ત્રણ (બ) ચાર
(ક) પાંચ (ડ) છ

(૯) કયું શહેર ભારતનું ટોલીવુડ તરીકે ઓળખાય છે?
(અ) મુંબઇ (બ) હૈદરાબાદ
(ક) વડોદરા (ડ) કોલકાતા

(૧૦) તુતીકોરીન બંદર કયા રાજયમાં આવેલું છે?
(અ) આંધ્ર (બ) તમિલનાડુ
(ક) કર્ણાટક (ડ) કેરાલા

(૧૧) ભારતમાં સૌથી વધુ હળદરનું ઉત્પાદન કયા રાજયમાં થાય છે?
(અ) મધ્યપ્રદેશ (બ) આંધ્રપ્રદેશ
(ક) મહારાષ્ટ્ર (ડ) પંજાબ

(૧૨) ખેતડી અને ઝૂઝૂનુ શા માટે જાણીતા છે?
(અ) તાંબાની ખાણ (બ) સોનાની ખાણ
(ક) બોક્સાઇડ (ડ) આરસની ખાણ

(૧૩) ભીમા અને વેણુગંગા નદીઓ કયાં રાજયમાંથી વહે છે?
(અ) ગુજરાત (બ) મધ્યપ્રદેશ
(ક) મહારાષ્ટ્ર (ડ) ઉત્તરપ્રદેશ

(૧૪) સિયાચીન ગ્લેસિયર ભારતના કયા રાજયમાં આવેલ છે?
(અ) જમ્મુ-કાશ્મીર (બ) હિમાચલ પ્રદેશ
(ક) બિહાર (ડ) ઉત્તરાખંડ

(૧૫) કયું શહેર રાજસ્થાનનું કાશી તરીકે ઓળખાય છે?
(અ) અજમેર (બ) ઉદયપુર
(ક) બૂંદી (ડ) નાથદ્વારા

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૬ ફેબ્રુ. ૧૯૨૭ — ગેરાર્ડ કિચન ઓ નેઇલ - તેઓ અમેરીકન ભૌતિક વૈજ્ઞાનિક હતા. 'કોલેડીંગ - બીમ સ્ટોરેજ રીંગ'ના શોધક
- ૬ ફેબ્રુ. ૧૯૧૩ — મેરી ડોગ્લાસ લીકેય - તેઓ ઇંગ્લીશ આર્કીઓલોજીસ્ટ તથા પાલીઓએન્થ્રોપોલોજીસ્ટ હતા
- ૭ ફેબ્રુ. ૧૯૨૬ — કોન્સ્ટેઇન્ટ પેટ્રોવીસ ફીઓકસોટીવ - રશિયન અવકાશ યાત્રી, તથા સ્પેશ એન્જી. ૧૯૫૫માં સ્પુટનિક સેટેલાઇટની ડિઝાઇન તૈયાર કરનાર
- ૭ ફેબ્રુ. ૧૯૧૮ — રૂથ સગર - તેઓ અમેરીકન સેલ્યુલર જીનેટીકલ મહિલા વૈજ્ઞાનિક હતા, જીન્સ સંબંધિત સંશોધન કરનાર
- ૮ ફેબ્રુ. ૧૯૦૬ — ચેસ્ટર એફ. કાર્લસન - તેઓ અમેરીકન ભૌતિક વૈજ્ઞાનિક હતા. ૨ ઓકટોબર ૧૯૩૮માં તેઓએ એક્ષરોગ્રાફીની શોધ કરી હતી
- ૮ ફેબ્રુ. ૧૮૯૭ — રૂડોલ્ફ ડેરીક્સ - અમેરીકન મનોવૈજ્ઞાનિક અને શિક્ષણશાસ્ત્રી હતા. સાયકોલોજી પર વિસેષ સંશોધન કરનાર
- ૯ ફેબ્રુ. ૧૯૨૩ — નોર્મન સમવેય - તેઓ અમેરીકન સર્જન હતા, ટ્રાન્સપ્લાન્ટ હાર્ટ સર્જરીના પિતામહ
- ૯ ફેબ્રુ. ૧૮૨૩ — એલેક જિનો - તેઓ પોર્ટુગલના વતની અને ઓર્નીથોલોજીસ્ટ હતા, રશિયાના 'જિસોસ પેટ્રલ' પર્સી સંબંધિત સંશોધન કરનાર
- ૧૦ ફેબ્રુ. ૧૯૦૨ — વેલ્ટર એચ. બ્રેટેઇન - તેઓ અમેરીકન ભૌતિકશાસ્ત્રીના વૈજ્ઞાનિક હતા. સેમીકન્ડટરની શોધ બદલ ૧૯૫૬માં નોબલ પારિતોષિક મળ્યું હતું
- ૧૦ ફેબ્રુ. ૧૯૦૧ — રીચાર્ડ ડેગબર્ટ બ્રાઉઅર - જર્મન - અમેરીકન મેથેમેટીશીયન અને શિક્ષણશાસ્ત્રી, ભૂમિતિની વિવિધ થિયરી આપનાર
- ૧૧ ફેબ્રુ. ૧૯૧૫ — રિચાર્ડ હમીંગ - તેઓ અમેરીકન કોમ્પ્યુટર વૈજ્ઞાનિક અને ગણિતશાસ્ત્રી હતા. ૧૯૪૭માં કોમ્પ્યુટર હમીંગ કોર્ડ ડીવાઇસના શોધક
- ૧૧ ફેબ્રુ. ૧૯૦૮ — સર વિવન અર્નેસ્ટ ફુચ - તેઓ ઇંગ્લીશ જીઓલોજીસ્ટ હતા. ઇસ્ટગ્રીન લેન્ડ, ઇસ્ટ આફ્રીકન સરોવરો પર સંશોધન કરનાર
- ૧૨ ફેબ્રુ. ૧૯૦૮ — ફેંગ લીન્ઝી - ચાઇનીઝ એન્થ્રોપોલોજીસ્ટ, કોસ્મીક બેકગ્રાઉન્ડ રેડિયેશન પર સંશોધન કરનાર
- ૧૨ ફેબ્રુ. ૧૯૧૮ — જુલિયન શૅરમોર સ્વીન્ગર - તેઓ અમેરીકન ભૌતિકશાસ્ત્રી હતા. ક્વોન્ટમ ઇલેકટ્રોડાયનેમીકલ પર વિશેષ સંશોધન બદલ ૧૯૬૫માં નોબલ પારિતોષિક મળ્યું હતું

### ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - અન્ના હજારેએ પોતાના વતનમાં કયા ગામને આદર્શ ગામ બનાવ્યું છે?**

**રાલેગણ સિદ્ધિ (મહારાષ્ટ્ર)**

### સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) રેખા એમ. જાદવ : સે-૩૦
(૨) ઋજિત એન. રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૩) મૂળજીભાઇ પરમાર 'દધિ' - સે-૭
(૪) નટુભાઇ દરજી : પેથાપુર
(૫) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૬) ધાર્મિક એસ. પટેલ : ધોળેશ્વર (ગાયત્રી રેસીડેન્સી)
(૭) પાઠક જયેન્દ્રપ્રસાદ એન. : સે-૬બી
(૮) ગોમતીબેન કનુભાઇ પરમાર : સેકટર-૨ડી

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**કોંગ્રેસના કયા મહિલા નેતા એન પૂર્વ કેન્દ્રીય મંત્રી તાજેતરમાં ભાજપમાં જોડાયા?**

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) અ (૨) ક (૩) ડ (૪) અ (૫) ક (૬) ડ (૭) અ (૮) ક (૯) બ (૧૦) બ (૧૧) બ (૧૨) અ (૧૩) ક (૧૪) અ (૧૫) ક

# એ ક્લિક સાથે યાદશક્તિ જાણે જીવંત બની, ચાર વર્ષ પહેલાં સનાતન પત્ની વંદના સાથે કાશી ગયા હતા, વિશ્વનાથનાં દર્શન કરી ગંગામાં સ્નાન કરવા પગથિયાં ઉતરતાં હતા, એકાએક વંદના કયાંક અટવાઇ ગઇ

## મિલન

- જય ગજ્જર

ડેબીને એક કલાક ઓવરટાઇમ માટે રોકાવું પડ્યું હોઇ એક કલાક મોડી ઘેર આવી. ઘરનો ઘરવાજો ખુલ્લો જોતાં એને આશ્ચર્ય થયું. જલદી ઘરમાં પ્રવેશી ડેડીની રૂમમાં ગઇ. ડેડીને ન જોતાં ગભરાઇ ગઇ. બધી રૂમમાં અને વૉશરૂમમાં જોઇ આવી. કયાંક ડેશી થોમસનને ન જોતાં એ મનથી ભાંગી પડી. સોફા પર બેસી વિચારવા લાગી, 'ડેડી કયાં ગયા હશે?'

ઓવર ટાઇમ માટે રોકાવા બદલ પસ્તાવો થયો. પણ એ માટે છૂટકો નહોતો. ઓફિસ સમય પૂરો થવાનો હતો ને બોસે કહેલું, 'આ બે કાગળો અગત્યના છે. ટાઇપ કરી મારી સહી કરાવી પોસ્ટ કરી દો!'

બોસ સામે જોઇ રહી.

'સોરી સર, મારાથી નહિ રોકાવાય!' શબ્દો મોઢામાંથી નીકળી ન શક્યા! બોસે પાંચ વર્ષમાં કદી એને ઓવરટાઇમ માટે ફરજ પાડી નહોતી. એ ડેબીની પરિસ્થિતિથી વાકેફ હતા. બોસે એની ટાઇપીંગ સ્પીડ અને અંગ્રેજી પરનો કાબૂ જોઇ ટાઇપીસ્ટની જોબ માટે આવેલ સાત છોકરીઓમાંથી એને પસંદ કરી.

ખુશ થઇ આભાર માની એક વિનંતી કરેલી, 'સર, જોબ માટે આભાર! પણ મારી લાચારીને કારણે મારી એક વિનંતી છે!'

'બોલો, તમારા જેવી હોંશિયાર છોકરીની બધી જ શરતો મને મંજૂર છે!'

ડેબીએ એના ડેડી સ્મૃતિદોષનાના ભોગ બન્યા હોવાથી એ કદી પાંચ વાગ્યા પછી નહિ રોકાઇ શકે એ વિનંતી કરેલી!

બોસે ડેબીની પિતૃસેવાથી પ્રભાવિત થઇ વચન આપેલું, 'તમારી પિતૃસેવાની કદર કરું છું, તમને કદી પાંચ વાગ્યા પછી રોકાવાની ફરજ નહિ પાડું! બોલો ખુશ ને?'

ડેબી ખુશ થઇ ગઇ. આટલા જલદી બોસ માની જશે એની કલ્પનાય નહોતી કરી.

'ખરેખર મારા ટાઇપીંગથી ખુશ થયા હશે કે મારા રૂપથી?' એ સવાલ એની મનોભૂમિ પર ઝબક્યો. પણ બોસ વિષે એવું ખરાબ વિચારવાનો પ્રસ્તાવો થયો અને મનને સારી દિશામાં વાળ્યું.

●●●

'ડેડીને કયાં શોધું?' એ વિચાર ઝબૂક્તાં પ્રેમાળ બોસ યાદ આવ્યા.

'હજુ કદાચ ઓફિસમાં જ હશે' એમ માની બોસને ફોન કર્યો.

'સર, માફ કરજો. આજ ઓવરટાઇમ રોકાઇ એટલે ન બનવાનું બની ગયું.' ભારે હૈયે બોલી.

'શું થયું? બોલો, કેન આઇ હેલ્પ યુ?'

'મારા ડેડીને શોધવા જવું પડશે. આપ આવી શકશો?'

'હાં, પાંચ સાત મિનિટમાં પહોંચુ છું. હિંમત રાખજો!' સનાતન મહેતાએ ઓફિસમાંથી નીકળી પાર્કિંગ લોટમાં જઇ કાર સ્ટાર્ટ કરી.

એ ક્લિક સાથે યાદશક્તિ જાણે જીવંત બની. ચાર વર્ષ પહેલાં સનાતન પત્ની વંદના સાથે કાશી ગયા હતા. વિશ્વનાથનાં દર્શન કરી ગંગામાં સ્નાન કરવા પગથિયાં ઉતરતાં હતા. એકાએક વંદના કયાંક અટવાઇ ગઇ. ચારેબાજુ ફાંફાં માર્યા પણ કંઇ અણસાર ન જણાયો. નિરાશ થઇ પોલીસ ચોકીએ પહોંચી ફરિયાદ કરી.

'આ પવિત્ર ધામમાં તમારી વંદનાને કૃષ્ણ જરૂર મેળવી આપશે! ગંગા ઘાટ પર બેચાર આંટા મારો કદાચ એ ભટકાઇ જશે.'

એ આશાભર્યા શબ્દો સાથે સનાનત ગંગાના ઘાટ પર આંટા મારવા લાગ્યા. ઘાટ પર આવેલા એક મંદિર પાસે એક વૃદ્ધ પાસે બેસી વંદના ઇશ્વરની ધૂનમાં મગ્ન હતી. સનાતને દોડી જઇ એનો હાથ પકડી સવાલ કર્યો, 'વંદના, અહીં શું કરે છે?'

'કેવો સવાલ કરો છો? તમે તો મને અહીં ખેંચી લાવ્યા છો!'

પેલા વૃદ્ધે નજીક સરકી સામો સવાલ કર્યો, 'માફ કરજો, તમે કોણ છો? મારી દેવકીને હું ખેંચી લાવ્યો હતો. ઘણા વર્ષે આજ મળતાં મારું હૈયું નાચી ઉઠ્યું હતું. મારી દેવકીને જોતાં એનો હાથ પકડી ઘેલા બની એને મેં ખેંચી હતી!'

'તમારી વંદના હોય તો લઇ જાઓ. મને એનામાં મારી દેવકીની છાયા દેખાતાં હું ભૂલ કરી બેઠો હોઇશ. આવી ભૂલ મારાથી ઘણી વાર થઇ જાય છે! સોરી!'

અને વંદના સામે ફરી સવાલ કર્યો, 'તારો હાથ પકડ્યો ત્યારે તેં કેમ કંઇ સવાલ ના કર્યો?'

'એનાં કપડાં જુઓ... તમારા જેવાં જ છે ને. હું રામધૂનમાં મગ્ન હતી એટલે કંઇ ભાન ન જ રહ્યું.'

'સોરી સર, મારી ભૂલ છે. એમનો વાંક નથી! મને મારી પત્નીનો આભાસ થયો એટલે એમનો હાથ પકડી લીધો હતો! યાદશક્તિ ચાલી ગઇ છે એટલે આજકાલ બહુ ભૂલો થાય છે!' સનાતન પરિસ્થિતિ સમજી ગયા. પત્ની મળ્યાના આનંદ સાથે પત્નીને હાથ પકડી ચાલી નીકળ્યા.

વંદનાના એ વિચારોમાં ડેબીના ઘરે પહોંચી ગયા હતા.

રડતી ડેબીને શાંત કરી સવાલ કર્યો, 'તમારા ડેડી સામાન્ય રીતે કયાં જાય છે?'

'એ મને તારી મમ્મીને મળવા જાઉં છું એમ કહી રાધાકૃષ્ણના મંદિરે ઘણી વાર જાય છે! ચાલો ત્યાં તપાસ કરીએ.'

સનાતન ચારે બાજુ નજર ફેંકતા રાધાકૃષ્ણના મંદિરે પહોંચ્યા. મંદિરના ઓટલે એના ડેડીને કોઇ છોકરી સાથે વાતો કરતા જોઇ એને ટાઢક વળી પણ 'એ છોકરી કોણ હશે?' એ સવાલ એને મૂંઝવી રહ્યો. વાતો કરતી છોકરીની માત્ર પીઠ જ દેખાતી હતી!

નજીક જતાં એની પોતાની બહેન કેલીને જોતાં એનાં ગાલ પર તમાચો મારી સવાલ કર્યો, 'કુલ્ટા, મારા બોબને લઇને કયાં ભાગી ગઇ હતી? હવે ડેડને લેવા આવી છે?'

ડેબીના ડેડી થોમસ ઊભા થઇ એનો હાથ પકડી બોલ્યા, 'શાંત થા દીકરી, હકીકત જાણ્યા વિના આમ ગુસ્સો ન થા!'

'ડેડી, તમે સદા એનો જ પક્ષ લેવાના! મારું ચાલે તો અહીં જ એ કુલ્ટાનું ગળું દબાવી દઉં!'

'એ કુલ્ટા નથી, તારી હિતેચ્છુ છે! જરા એની વાત તો સાંભળ!'

એ ડેબીને સ્મૃતિભ્રંશ પહેલાંના એના ડેડી દેખાતાં આશ્ચર્ય થયું. એ કહેવા લાગ્યા, 'ડેબી, કેલીએ જે પગલું ભર્યું હતું તે તારા ભલા માટે!'

'ડેડી, મારા પ્રેમીને લઇ ભાગી જનારે તમને શું ભળાવ્યું છે કે એનો પક્ષ ખેંચો છો?'

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ભારે હૈયે ઘરે આવી તૈયાર કરેલા કાગળો ગોટો વાળી ફેંકી દીધા આજથી લખવાનું બંધ તેવો નિર્ણય કર્યો ત્યાં બે વિદ્યાર્થી મળવા આવ્યા

## વાંચે છે કોણ?

### હળવો લેખ

- અનંત. ન. વ્યાસ

'સંસ્કાર ચિંતન' માટે લખવાની તૈયારી કરતો હતો ત્યાં પૌત્રે પુછ્યું, દાદાજી શું કરો છો?

'સંસ્કાર ચિંતન' માટે લખવા યોગ્ય મંત્ર શોધું છું.

દાદાજી, તમે આ લખો છો તે કોઇ વાંચે છે ખરું?

દીકરા લોકો કેમ ન વાંચે, આ તો વેદ ઉપનિષદની વાતો છે.

દાદાજી, છોડો એ વાત, વાર્તા લખશો તો કોક વાંચશે, તે ચૂંટણી વખતે લખતા તેવા હળવા લેખો લખશો તો વંચાશે. બાકી આવું હવે કોઇ વાંચતુ નથી. ન માનો તો બાને પુછો. પૌત્ર તો પોતાના કામે ગયો. પણ મેં શ્રીમતીજીને પુછ્યું, આ 'ગાંધીનગર સમાચાર' માં મારા લેખ આવે છે તે વાંચો છો? તો કહે, તેમાં વાંચવા જેવું છું હોય છે? કંઇ સમજાય તેવું લખો તો વળી નજર નાખવાનું મન થાય. વાંચતા કંટાળો આવે છે હું તો કયારેક નથી વાંચતી.

પૌત્રની વાત મને સાચી લાગી. વિચાર્યું તો મનમાં થયું, આ ઘણાં ચિંતનાત્મક લખાણો આવે છે આપણે પોતે પણ કયાં વાંચીએ છીએ, તો પછી આપણા લખાણનું શું મહત્ત્વ - પણ ભઇ મન છે. 'સીદીભાઇની સીદકાં વાલા' એ ન્યાયે મનમાં જરા અહંભાવ આવ્યો. 'ચાલો તપાસ તો કરીએ, કોણ વાંચે છે. સ્વમૂલ્યાંકન કરવાથી તોડી ખબર તો પડશે. સોસાયટીમાં ગાંધીનગર સમાચાર આવે છે. જરાં દૂરના પાડોશીના બંગલે પહોંચ્યો. સદ્ભાગ્યે એ છાપું ટેબલ પર ખુલ્લું પડેલું.. થોડી આડી અવળી વાતો કરી મેં પુછ્યું, આજના 'ગાંધીનગર સમાચાર'માં મારો લેખ છે. તમે વાંચ્યો?

'શું તમે લખો છો ને વળી છપાય છે? મિત્રે આશ્ચર્યથી પૂછ્યું.'

હાં, લગભગ દર અઠવાડિયે મારું લખાણ આવે છે. કેવું લાગે છે? 'જુઓને, મિત્ર કહે, છાપાના વચલા પાનાં હું જોતો જ નથી. તેમાં બધુ ભારે ભારે લપસિંદર હોય - આપણે રહ્યા હળવા મુડના માણસ. હું તો કોમેડી સિરિયલો જ જોઉ છું. પણ હા તમે ગીત કે ગઝલ લખો છો.'

'ના પણ કેમ, તમને શોખ છે?'

ના રે... આ તો મારા છોકરા એ ચાળે ચડ્યા છે તે પૂછ્યું...

પણ હવે તમારા લખાણ પર નજર નાખીશ.

નજર નાખીશ તેવી આશા બાંધી હું મિત્ર પંડિતને ત્યાં ગયો. પંડિત તો સંસ્કૃતના પ્રોફેસર હતા. વેદાંતમાં પીએચ.ડી. કરેલું તેમને તો આવા લખાણો પસંદ પડતાં જ હશે. ચોક્કસ વાંચતા હશે. તેનો અભિપ્રાય કામમાં આવે. ત્યાં ચા-નાસ્તો ચાલતા હતા. મને આવકારતા કહે, વાહ બરાબબ સમયસર આવ્યા છો - લો ચા...

વાત-વાતમાં મે પૂછી લીધું. આજનો લેખ કેવો લાગ્યો, તો કહે, વ્યાસ સાહેબ, હું તમને કહેવાનો જ હતો. આ ચિત્તના ચાળે કયાં ચડ્યા? કંઇ પ્રેમકથા લખો, રસભરી નવલકથા લખો... તમારી બાળવાર્તાઓ ગમતી. એવું કંઇક અક્કલવાળું લખો તો વળી વાંચવાનું મન થાય... આ મંત્રો અને તેનું વિવરણ એ યુવાનો વાંચે નહિ અને આપણી પેઢી વાંચી - ધરાણી હોય - હવે આમાં શું વાંચવું? દળાયેલું દળવાની મહેનત ન કરો, પ્રાચીન તથા અર્વાચીન ઋષિઓએ ઓછો ઉપદેશ આપ્યો છે તે તેમાં તેમો વધારો કરો છો?

પંડિત સાહેબના શ્રીમતી કહે, કંઇ સારું, મનને ગમે તેવું વાંચવા તો છાપું લઇએ. ત્યાં કચરા જેવું વાંચવા મળે... આ અભિપ્રાય જાણી બેસવાની હિંમત ન રહી. તે 'આવજો' કહી, નીકળ્યો રસ્તામાં 'જય' મળી ગયો. જય તથા તેની બહેન બંને હોંશિયાર સાહિત્યના રસિક. 'ઓશો'ના ખાસ ચાહક. મને થયું આ બંને 'ઓશો' સાહિત્ય વાંચી શકે તો મારું લખાણ અવશ્ય વાંચતા જ હોય. વાતો કરતાં તેના ઘરમાં પ્રવેશ્યા ત્યાં પણ 'ગાંધીનગર સમાચાર' પડેલું. છાપુ હાથમાં લીધું, જોયું તો ત્રીજું પાનું જ ગુમ.... અરે આ પાનું કયાં ગયું? તેમાં મારો લેખ છે...

ત્રીજું પાનું... તો બહેન યાદ કરતાં કહે, કાકા આ જુવોને કામવાળીને કચરો સળગાવવાનો હશે તે લઇ ગઇ હશે. આમેય એ પાના પર કયાં સમાચાર હોય છે.

મારા લેખ નિયમિત એ પાના પર હોય છે, તમે નથી વાંચતા? કયારેક મન થાય તો વાંચીએ. પણ 'ઓશો' જેવી મજા ન આવે. સાવ ફીક્કુ લાગે એટલે અમે વાંચવાનુંય બંધ કર્યું છે. કાકા... 'ઓશો' વાંચો. તેણે મને સલાહ આપી. એ ન સમજાય તો નાના નાના પ્રસંગો લખો. પણ આ 'સંસ્કાર ચિંતન' તો બંધ જ કરી દો.

ઓશો ચાહકોને રામ-રામ કરી પાછો ફર્યો. હૈયું ભારે થઇ ગયું. ત્યાં બાજુવાળા વડિલને છાપુ વાંચતા જોયા. હાં હાથમાં જ આ જ છાપું ને ત્રીજું પાનું... વડિલ અતિ રસપૂર્વક વાંચતા હોય તેમ લાગ્યું. વચ્ચે વચ્ચે એ મલકાતા હતા. વાંચવામાં મજા આવી ગઇ હશે. મનમાં થયું. હાશ - આ વડિલને તો લખાણ ગમ્યું લાગે છે. એ લેખનો લેખક હું છું તેવી ઓળખાણ આપું... તેમના હાથમાં કયાં દિવસનું છાપુ છે તે જાણ્યા વિના જ અંદર ઘૂસ્યો. અને ઉતાવળે પુછાઇ ગયું. વડીલ લખાણ બરાબર છે ને... તો કહે, વાહ પરફેક્ટ... ન અતિશયોક્તિ... ન અલ્પોક્તિ.... આ તો મોટામાં મોટું પ્રમાણપત્ર... મનમાં ફૂલાયા... મોઢું હસું હસું થયું હતું તે જોઇ વડિલ કહું... અરે તમે આ જોક્સ જો વાંચશો તો વધારે હસશો.

જોક્સ - મારું હૈયું બેસી ગયું, શું તમે જોક્સ વાંચો છો? તો પછી છાપામાં શું વાંચવા જેવું હોય છે? આ જોને, કચાર જેવુ લખે છે તેમાં આંખો ફોડવી... આ જોક્સ વાંચ મન ખુશ થશે... હાય રે... આ છેલ્લો ફકરો ભારે પડ્યો. વયોવૃદ્ધ માણસ જેને હવે પરમાત્માનું ચિંતન કરવાનું હોય તે 'જોક્સ' વાંચે છે... ના હવે નથી લખવું. દિકરાની વાત સાચી લાગે છે કોણ વાંચે છે...

ભારે હૈયે ઘરે આવી તૈયાર કરેલા કાગળો ગોટો વાળી ફેંકી દીધા આજથી લખવાનું બંધ તેવો નિર્ણય કર્યો. ત્યાં બે વિદ્યાર્થી મળવા આવ્યા. બંને બારમાં ધોરણમાં.. મને કહે, અંકલ તમારા ગયા લેખમાં તમે સ્વાર્થબુદ્ધિ તથા ધર્મબુદ્ધિ તેવા શબ્દો વાપર્યા છે આ મારો મિત્ર કહે છે ત્યાં બુદ્ધિ નહિ વૃત્તિ શબ્દ જોઇએ તેથી અમો પુછવા આવ્યા છીએ.

શું તમે સંસ્કાર ચિંતન વાંચો છો? તો કહે, હા, અમને ગમે છે નિયમિત વાંચીએ છીએ.

બસ મનપર અમૃત જળની વૃષ્ટિ થઇ. મને એક પ્રસંગ યાદ આવ્યો. યુરોપના કોઇ દેશમાં લાઇબ્રેરીનું મકાન પાડી ત્યાં નવી હોસ્પિટલ બાંધવાનું આયોજન થયું. ટ્રસ્ટીઓએ લાઇબ્રેરીયનને પૂછ્યું કોઇ વાંચવા આવે છે? તો કહે, હા, માત્ર એક વિદ્યાર્થી ત્રણ માસથી નિયમિત આવે છે, બસ એક વાચક છે તો લાઇબ્રેરીને લાઇબ્રેરીયન ચાલુ રાખો. એક વાંચશે અન્યને વાંચતા કરશે. કમાલ પાશાએ તુર્કસ્તાનને આમ જ વાંચતું કર્યું હતું.... તો પછી માટે શા માટે નિરાશ થવું. એકના બે વાચકો છે... બસ હવે તો લખવું જ...